**મહેરબાન સાંતલપુરના જ્યુડીશીયલ મેજીસ્ટ્રેટ ફ.ક., સાહેબની કોર્ટમાં, મું.વારાહી.**

ક્રિમીનલ કેસ નં.૧૦૧૪/૨૦૨૨.

આંક : ૦૮.

ફરીયાદી :– સ ર કા ર

વિરુધ્ધ

આરોપી :– હમીરભાઈ કાનજીભાઈ ઠાકોર, ઉ.વ.૪૧,
રહે.મઢુત્રા,તા.સાંતલપુર, જી.પાટણ.

**<u>ગુનો :–ધી ગુજરાત પ્રોહીબીશન એકટની કલમ–૬૫(એ)(એ) મુજબ.</u>**

**–: <u>ચુકાદો</u> :–**

(૧). આજરોજ સ્પેશીયલ સીટીંગના પાવર્સ આ અદાલતને આપવામાં આવેલ છે. સદર કેસ રેકર્ડ આજરોજ સ્પેશીયલ સીટીંગ દરમ્યાન હાથ પર લઈ વંચાણે લીધુ. હાલના કેસની ટુંકમાં હકીકત એવી છે કે, આરોપીએ વગર પાસ પરમીટે તેના કબજા ભોગવટામાં દેશી દારૂ ભરેલ થેલીઓ રાખી મળી આવી આરોપીએ ઉપરોકત કલમો મુજબનો ગુનો આચરેલ હોય તે અંગે આરોપી વિરૂધ્ધ અત્રેની અદાલતમાં તપાસનીશ અમલદારે ઉપરોકત ગુના સબબ ચાર્જશીટ ફાઈલ કરતા આ કામે આરોપીને સમન્સ કરતા, આરોપી અત્રે અદાલતમાં હાજર થયેલ છે અને સી.આર.પી.સી.ની કલમ–૨૦૭ મુજબ આરોપીને પોલીસ તપાસનાં કાગળોની નકલો આપવામાં આવેલ છે.

(૨). આરોપી અદાલત સમક્ષ હાજર થતા, તેઓને ગુના બાબતે પુછતા આરોપીએ પોતાની મરજીથી અને સ્વેચ્છાથી ગુનો કબુલ કરવાનુ જણાવે છે. તે બાબતે તેઓએ અલગથી ગુનાની કબુલાત પુરસીસ રજુ કરેલ છે. પરંતુ આરોપી ની સદરહુ કબુલાત તેમની વિરુધ્ધનો પુરાવો ગણાશે અને તેઓ આ રીતે ગુનાની કબુલાત કરવા બંધાયેલ નથી, તેવી સ્પષ્ટ સમજ આરોપીને આપવામા આવેલ છે તેમ છતાં, આરોપી રાજીખુશીથી અને આરોપી સ્વેચ્છીક કબુલાત કરતા હોવાનુ જણાઈ આવે છે. વધુમાં, આરોપી સામેનુ ચાર્જશીટ જોતા આરોપીનો કોઈ ગુનાહીતઈતિહાસ હોવાનુ ફલીત થતુ નથી. કેસના સંજોગો આરોપીની કેફીયત અને તેની કૌટુંબિક જવાબદારી ધ્યાને લેતા સ્વેચ્છાએ ગુનો કબુલ કરતો હોઈ તે દરેક હકીકત ધ્યાને લેતાં આ કામે આરોપીના ગુનાની ગંભીરતા, કાયદામા ફરમાવેલ ગુનાની જોગવાઈ ધ્યાને લેતાં તથા સાથે સાથે આરોપીની વર્તણુક અને તેની સામે અન્ય કોઈ ગુના નોંધાયેલ હોય તેવો હાલ કોઈ પુરાવો આ કામે ચાર્જશીટ સાથે રજુ રાખેલ ન હોય તે તમામ હકીકતો અને આરોપીની આર્થિક તેમજ કૌટુંબિક પરિસ્થિતિ તથા જવાબદારીને ધ્યાને લેતા તેમજ નામદાર ગુજરાત વડી અદાલતના સ્ટેટ ઓફ ગુજરાત વિરૂધ્ધ નટવર હરીચંન્દજી ઠાકોર ૨૦૦૫(૧) જી.એલ.આર.૭૦૯ ના કેસમાં પ્રસ્થાપિત કરેલ સિધ્ધાંત ધ્યાને લેતાં, હાથ પરના કેસના સંજોગો જોતા તે આ કેસમા લાગુ પાડી શકાય તેમ હોવાનુ આ અદાલતનુ માનવુ છે અને આરોપીને કાયદામાં કરેલ જોગવાઈ કરતાં પણ ઓછામાં ઓછી સજા અને દંડ કરવાની સત્તા છે, વધુમાં આરોપીની ગુના કબુલાત પુરસીસ ધ્યાને લેતા આરોપી ગુનો કર્યાનો અફસોસ વ્યકત કરે છે અને ભવિષ્યમાં ગુનો નહિં કરવાની ખાત્રી આપે છે. જેથી ઉપરોકત ચુકાદો ધ્યાને લેતાં, અને તેમા ઠરાવવામા આવેલ સિધ્ધાંત ધ્યાને લેતા આરોપીને તકસીરવાન ઠરાવી, ન્યુનતમ સજા કરવાનુ વ્યાજબી અને ન્યાયોચિત જણાઈ આવતુ હોય નીચે મુજબનો આખરી હુકમ ફરમાવવામાં આવે છે.

**–:: <u>હુ ક મ</u> ::–**

- આ કામના આરોપીને સી.આર.પી.સી.ની કલમ–૨૪૧ મુજબ ધી ગુજરાત પ્રોહીબીશન એકટની કલમ–૬૫(એ)(એ) મુજબના ગુનામાં તકસીરવાન ઠરાવી, આરોપીએ રૂા.૨૫૦/– (અંકે રૂપિયા બસ્સો પચાસ પુરા) નો દંડ કરવાનો હુકમ કરવામાં આવે છે. જો આરોપી દંડની રકમ ન ભરે તો દિન–૨ લેખે સાદી કેદની સજા ભોગવવા હુકમ કરવામાં આવે છે.
- આ કામે મુદામાલ આર્ટીકલનો અપીલ સમય વીત્યે નિયમ મુજબ નાશ કરવો.
- સદર કામે રેકર્ડ જોતા અન્ય કોઈ આરોપી સામેની ઈન્સાફી કાર્યવાહી બાકી પડતી ન હોય તેથી, સદર કામ આજરોજ ફેસલ કરવા હુકમ કરવામાં આવે છે.

હુકમ આજરોજ સ્પેશીયલ સીટીંગ દરમ્યાન વાંચી સંભળાવી જાહેર કર્યો.

તારીખ : ૧૧/૦૨/૨૦૨૩.
વારાહી.

જ્યુડીશીયલ મેજીસ્ટ્રેટ ફ.ક., સાંતલપુર,
મુ.વારાહી.